શ્રી ગણેશાયનમઃ।

માનવી પ્રપંચ

નાટકનાં ગાયનો

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

પ્યારેલાલ વિઠલરાય મહેતા.

શ્રી વિદ્યા વિનોદ નાટક સમાજના માલેક

(અમદાવાદ.)

આવૃત્તિ પહેલી—પ્રત ૨૦૦૦

વિક્રમાર્ક ૧૯૬૯ ઈ. સ. ૧૯૧૩

મૂલ્ય બે આના.

અમદાવાદ સીવીલ હોસપીટલ સામે
પાનાભાઇની વાડીના મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં
ઈશ્વરદાસ જેકણદાસે છાપ્યું.

માનવી પ્રપંચ.

નાટકનો સંક્ષિપ્ત સાર.

ધરમદાસ કરીને એક સ્ત્રી લંપટ અને પોલંપોલ દમામ વાળો, બે ત્રણ મીલોનો એજન્ટ હોવાથી પૈસે ભરપુર એક શ્રીમન્ત છે. પૈસાનો જેવો તે લોભી છે, તેવોજ સ્ત્રીઓનો તે ભોગી છે તેને ચંચળા નામે સ્ત્રી છે અને પ્રેમલતા નામની પુત્રી છે.પ્રેમલતા પરણવા લાયક ઉમ્મરની થવાથી, તેના પિતા ધરમદાસ અને તેની માતા.ચંચળા તેને માટે યોગ્ય વર શોધવાનો વિચાર કરે છે, અને પ્રેમલતાનો અભિપ્રાય લેતાં હરિદાસ નામના એક શ્રીમન્ત યુવક જેની તે માશુક છે તેનુ નામ આપે છે. આ હરિદાસને ધરમદાસ ધંધામા હરિફ હોવાથી પોતાનો એક વેરી માને છે. અને તેથી પ્રેમલતાના વિચારને તિરસ્કારી કહાડે છે. પણ પ્રેમલતાને પુષ્ટિ આપનાર હરિદાસ તેમજ ધરમદાસ બન્નેના ઘરનો ઉંદર એક મોહન કરીને ખટપટીઓ જાગે છે. હરિદાસ તેમજ ધર્મદાસ તેને પોતાનો સલાહકાર અને મિત્ર માને છે પરંતુ મોહનને તો પારકે પૈસેજ દીવાળી કરવાનો હેતુ હોવાથી બન્નેને ગમે તેમ સમજાવી પોતાનાં ખીસ્સાં ભરવાનીજ પેરવી કરે છે. એક દીવસ ધરમદાસ પોતાના મુનીમ સાથે પોતાના વેપારની સ્થિતિનો વિચાર કરે છે. તેને ત્યા લોકો રૂપીયા જમે માંડવા આવે છે, તેમાં પોતાના પિત્રાઈ ભાઈની એક સ્ત્રી પણ હોય છે. પૈસાની વાતનો ક્યાંય રહી પણ પાછો પ્રેમના નામની

અયોગ્ય માગણી કરે છે. તેણી તેનો અસ્વીકાર કરે છે. અને તેને ધીક્કારે છે એટલે ધરમદાસ પોતાની આ વાતને લોકમાં જાહેર કરશે અને તેથી પોતાની આબરૂને નુકશાન થશે એમ ધારી તેણીનુ એકદમ ખુન કરે છે. તેટલામાં તેનો ધમાલીઓ મીત્ર એક દમ આવી ખબર કહે છે કે તમારી પુત્રી પ્રેમલતાને તો હરીદાસ શેઠ લઇ ગયા છે. અને તમારી ઇચ્છા વિરૂદ્ધ પોતાને માહીમને બગલે તેની સાથે લગ્ન કરી લેવાની સામગ્રી રચી રહ્યો છે. આથી ધરમદાસ વધારે ગભરાય છે. અને ક્રોધે ભરાય છે. મોહનને પાચસો રૂપીયાની નોટ કહાડી આપે છે. અને પોલીસનો ઘટતો બંદોબસ્ત કરી લગ્નમાં વિક્ષેપ નાંખવા તથા હરિદાસને પકડવા માટે પોલીસની મદદ માટેનુ કામ પણ તેને સોપે છે. લુચ્ચો મોહન નોટ ખીસ્સામાં નાંખી ધરમદાસને પણ ત્યાં આવવાનુ કહી પોલીસપાર્ટીનો બદોબસ્ત કરી હરિદાસ પાસે જાય છે. હરિદાસ લગ્નની ધામધુમમાં હોય છે. ત્યાં તે એકદમ ખબર આપે છે કે પ્રેમલતાનો પીતા ધરમદાસ તમારા ઉપર વૉરન્ટ લઇ પોલીસપાર્ટી સાથે તમને પકડવા આવે છે. હરિદાસ ગભરાઈ પોલીસને આવતી અટાકવવા માટે મોહનને એક હજારનો ચેક આપી સમજાવવા મોકલે છે. મોહન ચેક ખીસ્સામાં મુકી ત્યાંથી પોલ થાય છે. અને પાછો આવી હરિદાસનેજ પકડાવે છે. કોર્ટમાં કેસ નીકળતા પ્રેમલતા ઉમ્મર લાયક હોવાથી અને પોતાની ઈચ્છા-નુસાર આ લગ્ન થવાથી કાયદેસર ગણાય છે. ધરમદાસ શેઠ આથી નાસીપાસ થાય છે. અને પોતાના દુશ્મન હરિદાસનુ વેર હવે શી રીતે લેવું તેનો વિચાર કરે છે. અને મોહનની સલાહ લેછે. હરીદાસને પોતાની ખોટમાં ચાલતી મીલમાં પાંચ પચીસ લાખ નંખાવી પૈસા

પાયમાલ કરવાની યુક્તિ રચવાનું કામ મોહનને સોંપેછે. અને બીજી રીતે હરીદાસને પોતાની રખાત માનકુંવર સાથે પ્યારમાં ફસાવી પૈસાનું પાણી કરવા માનકુંવરને પણ સમજાવે છે.

હરીદાસ માનકુંવરને ત્યાં ગાનપાન માટે આવે છે હરિદાસ ગાનપાનમા તલ્લીન થઇ બેઠો છે. ત્યાં મોહન તેની સ્ત્રી પ્રેમલતા ને છાનોમાનો લાવી દુરથી પોતાના પતિના ચરિત્રનો તેને સાક્ષાત્કાર કરાવે છે. અને તેના હૃદયમા પ્રેમની વિરૂદ્ધ લાગણી ઉત્પન્ન કરાવાનો પ્રયત્ન કરે છે. પ્રેમલતા મુર્છાગત થાય છે. મોહન તેને મકાને પાછી મોકલાવી દે છે અને ત્યાથી નીકળી ધરમદાસ શેઠ પાસે જાય છે. ત્યાં વળી નવુંજ ખુન દેખે છે. શેઠ શેઠના ધંધામા ચાલુ્રે ખુનોની સંખ્યામા તેમણે એક વધારો કર્યો છે. અને આ લાશને કયા દાટવી તેનીજ જાળમાં ગુંચાયલા છે. ત્યાં મોહન આવી ખડા થાય છે. ધરમદાસ શેઠ આ ખુનની વ્યવસ્થાનુ છુપુ કામ મોહનને કરવા વીનતિ કરે છે. મોહન એ મડદાને પ્રેમલતાના પલગ નીચે મુકી આવી ખુનનો આરોપ હરિદાસ માથે ઢોળી પાડવાનો રસ્તો બતાવે છે ને પોતેજ તે કામ કરવા હિંમત ધરે છે.

હરીદાસની પ્રથમની સ્ત્રી મનોરમાને દરિયામાં નાખવામા આવી હતી તે ઇશ્વર કૃપાએ બચવા પામી હતી તે ફરતી ફરતી અહીં આવી એક ખુણામાં છુપાઇ રહી છે. તેજ મત્ર મોહનને આ મડદું લાવી ગોઠવી જતાં જોઇ લે છે. મડદું મુકી મોહનના ગયા પછી હરિદાસ આવે છે. પ્રેમલતાના બીછાનામા પડેલી ચાઠી તેના હાથમા આવતા જગાડી તેનો ખુલાસો માગે છે.

ત્યાં પેલુ શબ નજરે પડે છે. જેથી પુરો વ્હેમાય છે ને પ્રેમલતાને ધીક્કારે છે એટલામા મોહન આવી કહે છે કે તમારા ઉપર ખુનનો આરોપ છે ને પોલીસ વૉરન્ટ લઇ આવે છે તેથી નાશી જવા સુચના કરે છે. હરીદાસ નાસે છે પાછળ પ્રેમલતા પણ જાય છે, અને પોલીસ દાખલ થતા મનોરમા મોહનને ખુની ઠરાવી પકડાવે છે.

મોહનને કેદખાનામા નાખે છે ત્યા તેને પાપ કર્મનો પસ્તાવો થાયછે. પણ કુતરાની પુંછડી વાકી તે વાકી. ગમે તેટલી દાટો પણ સીધી થાયજ શેની ? જેલમા જમાદારને અટ્ટમ સટ્ટમ સમજાવી ન્હાસી જવાનો પ્રયત્ન કરે છે. ત્યા ઇન્સપેક્ટર દેખે છે. જમાદાર મોહનને ખબર દે છે. મોહન તેની પાસેથી રીવોલ્વર લઈ ઇન્સપેક્ટરનું ખુન કરી ચાલ્યો જાય છે, અને પોલીસો તેનો કેડો લે છે તો પણ તે તેમની નજરથી દુર ન્હાસી જાય છે. ધરમદાસપર લેણદારોનો તગાજો થવાથી મુઝાય છે કરેલા પ્રપંચનો પડદો ખુલતાં પોલીસ ખુનનુ વૉરન્ટ લઇ આવે છે તેવી ખબર પડવાથી અને પોતાને બીજો કાઇ ઉપાય નહીં સુજવાથી તુરત આત્મઘાત કરે છે.

પતી પાછળ નાસેલી પ્રેમલતાનો અને મનોરમાનો મેળાપ થાય છે. તેઓ ઘાટ કપુરની ઝાડીમા એક ઝુંપડી ઉભી કરી પોતાનુ જીવન ગાળી રહ્યા છે. ત્યાં હરિદાસ પણ રખડતો રખડતો આવી પહોચેછે. અને ભુખ્યો હોવાથી ખાવાનું માગે છે. ને ખાવા આપે છે ત્યાં દીવાનો પ્રકાશ પડતાં અન્યોઅન્ય ઓળખાઇ જાય છે, અને અરસપર પોતાનુ દુખ રૂવે છે ત્યાં કેદમાથી નાસી છુટેલો મોહન પણ દયા જનક સ્થીતિમા આવી પહોચે છે અને બધાને ઓળખે છે, અને એ

બધાની દુર્દશા પોતેજ કરાવી તે માટે માફી માગે છે. હરીદાસ તથા પ્રેમલતા વીગેરે નિરદોષ ઠર્યા છે તેવી તે ખબર આપે છે. મનોરમા પ્રેમલતા તથા હરીદાસ આ ખબર સાંભળી આનંદમા આવી પાછા મુબાઇ જઇ દીવસો સુખમા ગાળવા નિશ્ચય કરે છે. મોહનની પાછળ પડેન પોલીસ ત્યા આવી ચડે છે. મોહનને ખુની તરીકે ઓળખી પકડે છે પરતુ પોતાનો ન્યાય બીજાના હાથથી થાય તે યોગ્ય ન લાગવાથી. પોલીસ પાસેથી રીવોલ્વર લઇ આપઘાત કરે છે. પ્રપંચીના પ્રપચની પુર્ણાહુતી અને ધર્મનો જય ને પાપનો ક્ષય.

श्री परमात्मने नमः

નાટકના મુખ્ય પાત્રો

ધર્મદાસ—મુંબાઇનો ડોળ ઘાલુ શેઠીઓ.

હરીદાસ—મુંબાઇના એક લક્ષાધિપતિનો ભોળા મનનો પુત્ર.

મોહન—એક પ્રપચી. સોનેરી ટોળીનો સરદાર.

મનોરમા—હરીદાસની સદ્‌ગુણી સ્ત્રી.

ચંચળા—ધર્મદાસની સ્ત્રી, પ્રેમલતાની મા.

પ્રેમલતા—ધર્મદાસની પુત્રી, હરીદાસની પ્રેમાલ પત્નિ.

માનકુંવર—ધર્મદાસની રખાત.

મુળશંકર—ધર્મદાસનો મુનીમ.

ફુલશંકર—મુળશંકરનો પુત્ર.

ચતુરાં—ધર્મદાસના પીત્રાઈ ભાઇની સ્ત્રી.

એ સિવાય પોલીસ, ઇન્સપેક્ટર, ગોર, ધનો, રૂપલી, નોકરો, સીપાઇઓ, સખીઓ, વારગનાઓ વીગેરે.

સ્થળ—મુંબાઇ.

માનવી પ્રપંચ

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સૂત્રધાર વગેરે— ૧

શ્રી મંગલ ગણુપતિતું
જય ગવરી તનય જય ગજવદન જય જય શ્રી૦
બ્રહ્મરજતમસત્વમય તું,
લમ્બોદર હર વિધ્ન તુ,
જય સુભગ સુખદા વિજય વરદા,
સુમતી પતિ તું ગણુપતિ, શ્રી૦

બાળાઓ–વીણા ધરી સુરસુન્દરી, જગદીશ્વરી પરમેશ્વરી;
રસવતી કર આકૃતિ, દેવી નજર કર અમી ભરી. શ્રી૦

બાળાઓ— ૨

જગમાં સાચા સુખકર શણગારો,
સત્ય નીતિના છે,
અમૂલ્ય આભૂષણુથી અધિકા,
તે ચડીયાતા છે. ... ... જગમાં૦
ધરી સુનીતિની સમશેર સજેલી હાથે,
ભવમાં નિરભય લડશે શત્રુની સાથે,
મારી નોબતે ઘાવ, અમર નામો કરવાના તે... જગમાં૦

હરિદાસ—   ૩

અહાહાહાહા આનન્દ, આનન્દ, આનન્દ સમય
સુખદ બસ રંગ રસભર,   અહા૦
નસીબ આ ચમકનું લ્હેર મનહર બસ રંગ રસભર, અહા૦
બનું ફાંકડો હું લ્હેરી, દમામે પુરો,
મોજ શોખમાણુ, સુનયની, બસ પ્રેમભરી,
રમણી કર ધરી જીવન ભર.   અહાહાહાહા,

મનોરમા—   ૪

ચંચળ લક્ષ્મીના ચાળારે, સ્વામીજી સમજો મારા,
જન મૂર્ખ ભૂલી મરનારા રે, ખાંતે ખત્તા ખાનારા, ચંચળ૦
જ્યમ વર્ષાની વિજળી, પળપળ કરે ચમકાર,
આજ મળ્યું ધન કાલે જાશે, આંખ ચોળી રહેનારરે,
ચંચળ૦
મોટા મોટા નર મરી ગયા, ત્યારે ગયું ન કાંઇ સાથ,
જુઠોમદ શો જાળવો, તમે જાશો ખાલી હાથ રે.
ચંચળ૦

ધનો—   ૫

છેલો હું છોગલાં વાળો,
ધનીયો નામે, દરજી આવ્યો મુમ્બાઇમાં.   છેલો હું૦
નાંખી મને ભુરકી ગોરી ધાંચણે,
ખોતરી ખધો ખુબ લુંટાણો હાય,   છેલો હું૦

મુછના આંકડા વાળી અક્કડ હું હતો,
મરડી નાંખી કેડ વાળીને, હાય. છેલો હું૦
હાથનાં કર્યાં હાય હૈયે વાગીયાં,
રહી છે કરમે ગજને કાતર હાય. છેલો હું૦

મોહન— ૬

જર જગદીશ્વર, પૂજું પરમેશ્વર, જેને દુનિયા ભજે તમામ.
જરદારોના ઘર આગળ, ગુણીજન પણ આવી કરે પ્રણામ.
કાયર પણ દુનિયા કમ્પાવે,
આભ પૃથ્વિને એક બનાવે,
પૃથ્વિપતિથી હાથ મીલાવે,
વિશ્વપતિ નારાયણ પણ, લક્ષ્મીનું નિશ દિન લેના નામ.
જર૦
જર વિણ જૂઠો ઢોળ દમામ,
જરથી સુધરે બગડયા કામ,
એ દમડા! તુંને કરૂ સલામ.
નીચ ઉંચ પંક્તિમા બેસે, દામહામથી ઠામે ઠામ.

પ્રેમલતા— ૭

આવો આવો મારૂં દર્દ જાણો કોઈ,
નેનમાં નિદરા નાવે જરી, આવો૦
મારા કાળજડામાં કાંઈ કાંઈ થાય,
મારો જીવડો આજ ઊડું ઊડું થાય, આવો૦

જાણું ન કાંઇ, શી રીતે જણાવું,
સમજું ન કાંઇ, હું શું સમજાવું,
કામણુ આ કોણે મને કીધું. કામણુ આ...
ભાલા ભોંકાય, ભીંતર માંય, કેમ સ્હેવાય. આવો૦

પ્રેમલતા અને સખીઓ— ૮

વ્હા અલબેલી! બની નવેલી જોબન મદ ઝલકાય,
બળું દરદમાં ડૂબેલીને શીદ બાળો જીવ જાય. વ્હા૦
મદન ઝેરથી ઝોલાં ખાતી,
પજવો નાં. એની મુઝાય છાતી,
લચક લચક ગજગમની ચાલે કોમળ કટિ લચકાય. બળું૦
નાખી નીસાસા રડે હૃદયમાં,
છાની, બાપુડી. છાની રડ માં.
પ્રીતમને પરિરંભનદે તારે દર્દ દોડવું જાય. બળું૦

પ્રેમલતા ને મોહન— ૯

અરે જાજા દીવાના તને જાણી મેં લીધો,
મને બ્હાવરો કીધો, પ્યારી ડોલતો કીધો, અરે૦
સાપણુ છંછેડી તે ઝેરે ભરેલી તું મુર્ખા શું માગી લે મોત.

આવો અલબેલડાં.
બાળ મોંદું બાપલા.

પારૂં માન,... ... ...જા હેવાન.
દીલજાન,... ... ...જા નાદાન.
પ્યારી પાયે પડું,
મોત આવ્યું ઢુંકડું,
રંગીલી માન મારી રંગીલી માન.
હઠ દૂર....

હરિદાસ ને પ્રેમલતા— ૧૦

છોડી દે ચંચળ ચિત્તહરણી હાથ છોડી દે છોડી દે૦
નહીં છોડી દઉં......નહીં જાવા દઉં.

શું રાજહંસ આ હૃદય સરથી આમજ ઉડી જાશે ?
નાના. રાજહંસીની હૃદયજડી રસસરવર કરશુ વિહાર,
આશાદોરે લટકાવી શીદ મારો વિરહનો માર. છોડી દે૦
(ધીરજ ધારી રમણી રહેશો.)
(કહો મારા સમ કયારે મળશો ?)
વિધુવદની હમણાં જાવા દે. છોડી દે૦
મોંત્રા પ્રીતી મોતીડાં વિણુશુ કાલે વાત.
કરો વાયદા કાલના, કોલ દીયો આ હાથ.
કોલ ખરો લે બોલ ખરો લે. છોડી દે૦

રૂપલી— ૧૧

મારૂ જોબન ઝોલાં ખાય ખીલ્યું નવરંગી,
ફૂલ્યું નવરંગી,... ... ...ફાલ્યું નવરંગી,

મારે અગ અનંગ ઉછાળા. રસીલો રંગી.
છબીલો રગી, ...હઠીલો રગી,
તાકી મારે તીર સોંસરા વાગે,
આંખલડી મારી ઝબકીને જાગે. જોબન૦

જોબનની કાચી કળી, ખીલી ફૂલ્યાં ફૂલ,
વ્હાલા મારા વીણશે, એ ફૂલડાં અણમૂલ.
તન મન થાય મને તાલાવેલી,
પ્રેમનો રગ ચડ્યો થઈ ઘેલી. જોબન૦

મુળશંકર રૂપલી, ને ફુલશંકર— ૧૨

અમે લાડી લાવી લાખેણી લઇશુ લાવો,
લાડુ લક્કડના ખાય, પુરો પાછળ પસ્તાય૦
ચોરે ચૌટે ગવાય, લાજ લોકે લુટાય. અમે૦

સાજન મહાજન તેડાવી વ્હેંચીશુ ફોફળ પાન,
બની ઠની વરઘોડે ચડશુ બંદા બનશે પુર જવાન.

શરમ શરમ ધર ઓ બેભાન,
અરે જારે જા. અમે૦

જુગતીથી જો જાન જોડાશે.
જાન જોડાતાં જાન જ જાશે,
ગીતો મંગળ ગોરી ગાશે,
જડશે જોડા ખુબ. અમે૦

નાયકાઓ— ૧૩

સલોને નેન મતવાલે
મદનમદ છાયે
અજબ રંગ લાયે
કટરીયાં મારે. સલોને૦
અબરૂકમાપર તીર વ્હેધારે
છાતીપેં છોર ડારે ખટક ઊર આયે. સલોને૦

મનોરમા— ૧૪

માનું તારો ઉપકાર,
પ્રભુ પ્યારા વારી વારી જાઉં નોધારા આધાર. માનુ૦
માયાના મોહે ભમતું ભમતું મનડુ,
જાણે ન તારાં કામ,
સત્ય નીતિને તુ સંભાળનાર છે,
દીન દયાળ પ્યારા, વારી વારી, માનુ૦

સખીઓ— ૧૫

સાહેલી, પ્હેરી નૌતમ સાડી,
કે સોહે જોબન રગે વસંત રાણીરે, સાહેલી૦
હસે પ્યારી પીયુજી કામ સંગે ઉમંગે કર ઝાલી,
રમે ઘેલુડીનુ તનરંગ, પીયુને દૈ તાળી. કે સોહે૦
અમી ઝરણાં નયને ઝરે, વન ઉપવન સંસાર;

સ્વામી સંગે સુંદરી, વિવ વિધ કરે વિહાર.
છાની છાની વિયોગી નારી ઉભી વિચારેરે,
રૂવે રૂવે નીસાસા નાંખી, બાળા દીલ બાળે, સ્નેહી સંભારેરે.
એ...કોકિલાની કુક મારે, બાણુ વિંધે પ્રાણુ, વિણા વાગતી રે લોલ,
આંબા કેરી ડાળે રંગે ઝુલતી રે લોલ.
મન્દ સુગન્ધિ સમીરમાં, મદન હીંચોળા ખાય,
શાન્તિ કર સયોગીને, વિરહિણી બળી જાય.

જોને જગમા મોહના આ વાયરે.
મદન રાજના નેજા ફર ફર થાય રે,
રમણી પ્રણુય શીખ તું ધાર જે,
શાન્તિ સુખકર પ્રેમ પાઠને વાચીને,
જોજે અવળા પથે તું અથડાયરે,
રહેજે સદાય પીયુના ઉરમાં,
સ્વામી સુખે સુખી સંસારે મુકુટમણી તે નારી. કે સોહે૦

પ્રેમલતા ને સખીઓ— ૧૬

સાહેલી તારૂં મુખડુ ધીરૂ ધીરૂ મલકાયરે,
તારા તનડામાં તાલાવેલી થાયરે. સાહેલી૦
કમળ પુષ્પ ખીલી રહ્યું, ભ્રમર કરે ગુંજાર,
મધુરો મધુરો મધુ પીવા, આવે જો ધરી પ્યાર.

(આપણુને એ અળગી કરશે.)
(પ્રીતમ પાછળ ઘેલી ફરશે.)
(ગટપટ ગટપટ વાતો કરશે.)
(રસ બસ કરી રસિયો રીઝવશે.)
છાયો અનંગ રોમે રોમે આ છલકાયરે. સાહેલી૦

હરિદાસ ને પ્રેમલતા— ૧૭

માનુની મનહર મારી, શાને રીસાયે શાણી;
કરો અજબ બહુ રંગ ધુતારા જાણ્યા ઢંગ.
હૃદય રાખું પ્રેમ ધરીરે પ્રાણુ, માનુની.
કરશો ના ચટકા ચાળા, જાઓ જાઓ છળવાળા,
કણ્ઠે અર્પું કરમાળા, પ્રીતિના પાઊં પ્યાલા.
મૂકોને મારી માળા, વેરાશે મોતી મારાં.
શીદ લોચન કર રાતાં, બળું પ્રેમે પરવશ થાતાં.
છબીલા છોડોને, હું હારી, હું હારી. કરો૦

ધરમદાસ— ૧૮

કામિની કોકિલા કણ્ઠિની,
પ્યારાને રીઝાવે અંબુજાક્ષી રે, કામિની૦
ગૌર ગાલ કેરી લાલી લુભાવે,

બિમ્બ ઔષ્ટે સુધા સુહાવે, કામિની૦
પીન કુચ ધારી નિતમ્બિની આ,
વેણી નાગ ડંસી ડોલાવે. કામિની૦

નાયકા— ૧૯

બાંકે સજના લગાય નેન બાન,
જાદુ મોપે ડારે ન્યારે રે.
ન્યારે રે મતવારે, રતના રે,
પીયા રે, જી હા રે,
મોસે હસત હસત દુઃખ દેત, જાદુ૦
પ્યારે પ્યારે પીયરવાકો મીલુ,
મીઠે મીઠે મધુર રસ પીલુ,
કયુજી દીલકો લે જાય,
નયના નયનાં લડાય,
હો પ્યારે મતવારે કયુ ન્યારે હો જાત. બાંકે૦

રૂપલી ને ધનો— ૨૦

બની સુન્દર શેઠાણી, છેત્રાણી, લોભાવું છબીલો.
લોભાવું છબીલો, મોહાવું છબીલો, બની૦
ચિત ચોરી શાને તું ચાબુક માર મારતી,
આંખના ઉલાળા કરી સારડીએ સારતી,

તારા કપાળે ટીલું, બુડથલ કરમે કયાં ખીલ્યું;
હું તારા વેણો ઝીલુ, ખવરાવી ખાંતે ખીલુ;
તારૂ મોઢું જોને ઢીલુ.
હાય હાય રૂપલી .....વોય વોય રૂપલી. બની૦

બૈરાંઓ— ૨૧

માલણ ગુંથી લાવ્ય ગુણિયલ ગજરો,
તારા ગજરાનો માનીશ મજરો.........માલણ૦
જેવી હોય તારી ચતુરાઇ, તેવી કરજે તેમાં સરસાઇ,
કાંઈ બાકી ન રાખીશ બાઈ...........માલણ૦
રૂડા મુળશંકરભાઇને કાજે, એવો ગુથજે ગજરો તું આજે,
જેવો મુળશંકરભાઇને છાજે...............માલણ૦

બૈરાંઓ— ૨૨

રથ માફા શણગારો પાલખડી,
અજબ બન્યાં વરરાજાને સામૈયું રે ઓપે;
રથ માફા શણગારોને હાથી,
અજબ બન્યાં વરના સાથી રે સામૈયું રે ઓપે,
રથ માફા શણગારોને ઘોડા,
અજબ બન્યાં રે, વરના જોડાં રે. સામૈયું રે ઓપે,

પ્રેમલતા— ૨૩

શાને શકા સલૂણા ધારો રે,
બળતીને શીદ બાળો રે શાને૦
મુકીને દોષ આ, રીબાવો દુઃખમાં;
મારા વાલમજી વિચારો રે, શાને૦
ભ્રાન્તિમા ભૂલીને વિધો ના બળીએ,
સ્વામી સ્નેહ ન તોડો મારો રે. શાને૦

મનોરમા— ૨૪

અબળાને છે સુખદા રે સાચી પતિ સેવા,
સ્વામી સંસારે ઉતારે પારે તારે તારે,
નારી તણું દુઃખ નિવારે, છે સુખદા રે.
ભલે કદિ જાન તનમનને ધન,
માનને પાન બળે રે;
નવ બદલે એ હાં નવ બદલે,
શીયળ થકી ન ચળે, સુખદા રે૦

પ્રેમલતા ને મનોરમા— ૨૫

મને કીધી અતિ ઉપકારી, બહુ દયા તમે દરશાવી;
નથી અધિક મે કીધુ કાંઈ, મારી ફરજ મ્હે બ્હેન બજાવી.

જ્યમ નીરવિણ સરિતા સુકી,
ત્યમ આપણે પતિ વિણ દુ:ખી;
હુ તો તમ સુખે હવે સુખી, મને૦
મને પીયુની ભક્તિ પ્યારી,
ભજીએ કરમાળા ઝાલી,
હરી કરજે સહાય અમારી મને૦

મોહન— ૨૬

સ્વારથીઓ સસાર, સરવે સ્વારથીઓ સંસાર;
જોઈ જગે જગે જુડી જાળ, સઘળે સ્વારથનો વેપાર,
માના પીતા ભાઈ નારી પ્યારી માંહીં સ્વારથની મારામાર;
સ્નેહી પણ મતલબને સાધે,
તે સ્વારથની પ્રીતી સાંધે,
આ જગનો વ્હેપાર, સઘળે૦

ધરમદાસ— ૨૭

રોમે રોમ બળે દુ:ખ અંગે,
અગનિની જવાળા;

કુકર્મે કીર્તિ કરી કાળી,
કરથી હૃદયપર મારી કટારી;
અનન્ત સુખ દીધાં મેં બાળી,
હાય નસીબ ફૂટ્યાં હવે મારાં. અગનિની૦

રૂપલી ને મુળશંકર— ૨૮

છોડો છોડોને કંકણ નંદાશે મારૂં રે,
નહીં છોડું, નખરાળી, આ કાંડું તારૂં રે; છોડો૦
અરરર હાથ મારો મુકોને મરડાઈ ગયો,
જાદુગારી હું તો તારા જાદુમાં લોભાઈ ગયો;
વારે વારે શીદને સતાવો જીવ મુઝાઇ ગયો,
રૂડી મારી રૂપલી હું તારા માટે ઘેલો થયો;
રંગ રંગીલી મારો પ્રાણ હું વારૂં. છોડો૦

મુળશંકર, ફુલશંકર, રૂપલીને ધનો—૨૯

પેટ ચોળી ઉપજાવ્યું શૂળ, ખુબ નાંખી ઘોળામા ધૂળ;
વીણવા દોડયા સુંદર ફૂલ, ભાગી કરમે મોટી શૂળ.
ત્રણ સાંધતાં તૂટ્યા તેર, હાથ વેંતનો ન મળ્યો મેળ;
ફર્યો બળદીયો ઘાણી ફેર, તલમાથી નવ નીકળ્યું તેલ.

ભાંગ્યા કરમે એ પાણા,
કુળ દેવી ક્યાં ગુંચાણાં;
હાય ભીંતડીયે ભટકાણા,
અક્કલનો ખાં;
તોબાહ તોબાહ !
આ બન્દાનો કેવો ફન્દો જોયા જેવો જોયો !
હું રોયો, હાય રોયો,
એ રોયો રોયો, રાયો; પેટ ચોળો૦

હરિદાસ— ૨૦

ટાળ્યા ન ટળી જાયે લેખ તે,
લખ્યા લલાટ માંહીં;
મૂરખ પામર જરી નહીં જાણે રીતિ, ટાળ્યા૦
જીવન ઘડી પળનું જો ચપળ આ;
રડે વૃથા જગતમા રાખીને પ્રીતિ, ટાળ્યા૦
ભૂપતિ ભીખારી થઈ ભટકે છે,
ચડે પડે સરવ, કોને નથી વીતી? ટાળ્યા૦

મોહન— ડી૧

લાલચ લોભે હુ લલચાયો,
માયાની મમતામાં મોહાયો, લાલચ૦
કાળાં કરમો કરી ન ધરાયો,
પાપ પ્રપચે પરવર્યો, પરસ્ત્રી પરધન સાથ,
કીધુ તેવુ પામિયો, અન્તે હાથો હાથ;
ધિક જનનિની કૂખે હુ આવ્યો,
હાય, હરિ હું કાંઈ ન કમાયો. લાલચ૦

સમાપ્ત

ગૃહસ્થો અને બાનુઓ માટે ખાસ અમેરીકન ઢબનુ સફેદ
થઇ જતા અને ખરી પડતા વાળ અટકાવવા માટે
સર્વોપરી

સુકેશી હેઅર ઓઇલ.

વાપર્યા પછી બીજાને વીસરી જશો.

એમ કહેવાને અમો ખાત્રીપુર્વક છીએ આ તેલથી બાલ લાંબા ગુચ્છાદાર થાય છે અને સુગંધી મધુર હોવાથી મગજ ઘણુંજ શાંત રહે છે ઉપરાત બાલને કાળા નરમ રેશમની માફક સુંવાળા કરે છે અને સફેદ થઇ જતા અને ખરી પડતા વાળને અટકાવે છે તેથા તે વેપારી, વકીલ, વિદ્યાર્થી અને ઑફીસરો માટે એક કીમતી ઉપાય છે. એક વખત વાપરી ખાતરી કરવા વીનતી છે.

આ તેલ માટે નામાંકીત ગૃહસ્થો તરફથી ઊંચા પ્રકારના સરટીફીકેટો મળેલાં છે.

કીમત મોટી બાટલીના રૂ. ૦-૧૨-૦ } પોસ્ટેજ જુદુ
,, નાની રૂ. ૦-૮-૦

મુંબાઇના એજંટ-ડો. ચીમનલાલની કું.
ઠે પ્રીન્સેસ સ્ટ્રીટ


અમદાવાદ—શા. નારણદાસ છોટાલાલ ઠે. ત્રણદરવાજા પાસે.

તારનુ સરનામુ "સુકેશી" વડોદરા

બનાવનાર ધી શાફી ઇન્ડસ્ટ્રીઅલ વર્કસ
ટાવરપાસે લીમડાપોળ સામે—વડોદરા

અમુલ્ય લાભ !! અમુલ્ય લાભ !!

ઇનામની લાલચે એક હલકું ઘડીયાળ ખરીદ કરવા અગાઉ નીચે જણાવેલુ રોલ્ડ ગોલ્ડ સોનાનુ ઘડીઆળ આ ચીત્રમાં બતાવ્યા પ્રમાણેનુ ખરીદશો તો લાખો વખત સુધી તમો સતોષ પામશો અને પૈસા તેમજ વખતનો બચાવ કરી શકશો.



આ ચીત્રમા નમુના પ્રમાણેનુ રોલ્ડ ગોલ્ડ નકલી સોનાનુ ઘડીયાળ વાપરવામા સારૂ છે. સાચાકામ મજબુત છે તેમજ પડી જવાથી બધ પડવાની ધાસ્તી રહેતી નથી. એક વખત ચાવી આપવાથી બરાબર ૩૬ કલાક સુધી ચાલે છે ચાલમા એક સેકન્ડનો ફરક પડતો નથી

આવા ઉમદા ઘડીયાળો અગાઉ રૂ. ૨૦ મા ઘણા વેચાએ ગયા છે, પણ તેનો અમો અમારા ગ્રાહકોમા સતોષ આપી વધુ ફેલાવો કરવા માત્ર થોડો વખત રૂ. ૮ મા ઘેર બેઠા પહોચાડવામા આવશે. તેની ગેરટી દશ વરસની આપવામા આવે છે.

સરનામુઃ—કે. સી બ્રધર્સ. મુબઇ નં. ૨

કાલબાદેવી પ્રીન્સેસ સ્ટ્રીટના નાકે

ડી૦ વાડીલાલની કું૦

ની દુકાનની વીઝીટ કરશો તો ખાત્રી થશે કે દરેક જાતનાં ગરમ, સુતરાઉ, અને ફેન્સી કાપડની નવી ડીઝાઇનો તેમજ કોટની જાણીતી શોપના અનુભવી કટરો અને બેહદ સસ્તા ભાવો માટે હમો મગરૂર છીએ !

બહાર ગામના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપવામા આવશે અને વી. પી. થી માલ મોકલવામા આવશે.

રવીવારે પણ દુકાન ખુલ્લી રહે છે ટેલીફોન નં. ૧૨૫૦

રાજકવિ નથુરામ સુંદરજીનાં પુસ્તકો.

નાટ્યશાસ્ત્ર.

દ્રસ્ય સાહિત્યનો અપુર્વ ભંડાર ... કિંમત રૂ. ૫-૦

પ્રતાપ પ્રતિજ્ઞા.

યુદ્ધ વીરરસ પ્રધાન્ય નાટક ... . કિં. રૂ. ૧-૮

શ્રી કૃષ્ણ બાળ લીલા.

શ્રી કૃષ્ણ પરમાત્માના સંગીતમય ગુણગાન ... કિ. રૂ ૧-૮

શૃંગાર સરોજ.

શૃંગાર રસથી ભરપુર કાવ્ય બીજી આવૃતિ ... કિં. રૂ. ૧-૦-૦

આ તમામ પુસ્તકોનું પોષ્ટ ખર્ચ જુદું.

સંગીત શાસ્ત્ર. **છપાય છે.**

નથુરામ કૃત કાવ્ય સંગ્રહ ભાગ ૧ લો છપાય છે.

મળવાનુ ઠેકાણું.

રાજકવિ નથુરામ સુંદરજી શુકલ.

વાંકાનેર (કાઠીઆવાડ.)